# GUJARATI

*(Maximum Marks : 100)*

***(Time allowed : Three hours)***

*(Candidates are allowed* ***additional 15 minutes*** *for* ***only*** *reading the paper.*

*They must* ***NOT*** *start writing during this time.)*

---

*Answer questions* ***1, 2*** *and* ***3*** *in Section* ***A*** *and* ***four*** *other questions from Section* ***B*** *on at least* ***three*** *of the prescribed textbooks.*

*The intended marks for questions or parts of questions are given in brackets [ ].*

---

## SECTION A

### Language - 50 Marks

1. Write a composition in approximately 400 words in Gujarati on **any one** of the topics given below :— [20]

નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ **એક** વિષય પર આશરે ૪૦૦ શબ્દોમાં ગુજરાતીમાં નિબંધ લખો :—

(૧) 'પ્રદુષણ આજના સમયમાં સૌથી મોટી સમસ્યા છે' તેના કારણો, તે દૂર કરવાના ઉપાયો તથા લોકજાગૃતિ માટે તમારા વિચારો દર્શાવો.

(૨) કોઈ એક અપંગ વ્યક્તિની મુલાકાત - વર્ણવો.

(૩) 'ટેક્નોલૉજીએ ભારતને કઈ કેટલુય આપ્યું છે' વિવરણ કરો.

(૪) 'નારી જગમાં મહાન છે'. - સમાજ ઘડતર, ચણતર અને ઉત્થાનમાં નારીનો ફાળો અજોડ - દરેકનો ઉલ્લેખ કરતો નિબંધ લખો.

(૫) તમને ગમતા કોઈ એક ઉત્સવ-તહેવારની ઉજવણી, મહત્તા અને સંદેશનું આલેખન કરો.

(૬) નીચે આપેલ વિષયોમાંથી કોઈ **એક** પર મૌલિક વાર્તા લખો :—

(i) 'મનુષ્ય એ જ છે જે મનુષ્યને કામ લાગે.'

(ii) .......અને હું બચી ગઈ.......

2. Read the following passage and answer in Gujarati the questions that follow, using your own words :—

નીચે આપેલ પરિચ્છેદને ધ્યાનથી વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર ગુજરાતીમાં તમારા શબ્દોમાં લખો :—

એક ગુરુકુળમાં ઘણા બધા વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હતા. કોઈ અમીર હતા, કોઈ સામાન્ય હતા તો કોઈ ગરીબ પણ હતા. આજે અભ્યાસનો અંતિમ દિવસ હતો. બધા વિદ્યાર્થીઓ પોતાના ઘરે જવા માટે ઉત્સુક

---

હતા. ગુરુજીએ બધા જ વિદ્યાર્થીઓને એક સ્થળે એકત્રિત કર્યા અને કહ્યું, ''મારા વ્હાલા શિષ્યો, આ ગુરુકુળમાં આજે તમારો છલ્લો દિવસ છે. તમારા અભ્યાસ દરમિયાન મેં તમારી ઘણી પરીક્ષાઓ લીધી છે આજે એક અંતિમ પરીક્ષા લેવી છે. તમારે બધાએ પગમાં કંઈ પહેર્યા વગર જ એક અંધારી સુરંગમાંથી પસાર થવાનું છે અને બીજા છેડેથી બહાર નિકળવાનું છે. હું સુરંગના બીજા છેડે તમારી રાહ જોઇશ.''

ગુરુજી બધાને સુરંગના દરવાજા પાસે લઈ ગયા અને સુરંગમાં પ્રવેશ કરવાનો બધાને આદેશ કર્યો. હુકમ થતા જ બધા સુરંગમાં દાખલ થયા. અંદર ઘોર અંધારું હતું. એકબીજાનું મોઢું પણ જોઈ શકાતું નહોતું. બધા ટેકે ટેકે આગળ વધી રહ્યા હતા. થોડા આગળ ગયા ત્યાં તો બધાના પગમાં નીચે પડેલા ધારદાર પથ્થર વાગવા લાગ્યા. ખૂબ પીડા થતી હતી અને પગમાં લોહી પણ નીકળતું હતું. બધા જેમતેમ કરીને સુરંગના બીજા દરવાજેથી લંગડાતા લંગડાતા બહાર નીકળ્યા.

ગુરુજી બધાને આ સુરંગના અનુભવ વિષે પૂછી રહ્યા હતા. બધા પોતપોતાના પીડાદાયક અનુભવની વાત કરી રહ્યા હતા. આ વાતચીત ચાલુ હતી ત્યાં એક શિષ્ય સુરંગના દરવાજાની બહાર આવ્યો. બધા તેના પર હસવા લાગ્યા. ગુરુજીએ હસવાનું કારણ પૂછ્યું તો એક શિષ્યએ જવાબ આપતા કહ્યું, ''ગુરુજી આ મોડો આવેલો વિદ્યાર્થી સૌથી આગળ હતો પણ એની મૂર્ખામીને લીધે એ સૌથી પાછળ રહી ગયો. એ સુરંગમાં પડેલા પથ્થરો વીણી રહ્યો હતો.''

ગુરુજીએ પેલા મોડા આવેલા શિષ્યને આ વિષે પૂછ્યું તો એણે કહ્યું, ''હા ગુરુજી એમની વાત સાચી છે. હું સૌથી આગળ હતો. મને રસ્તામાં પડેલો ધારદાર પથ્થર વાગ્યો અને ખૂબ પીડા થવા લાગી એટલે મેં વિચાર્યું કે આ પથ્થરો મારી પાછળ આવતા બીજા મિત્રને પણ વાગશે અને એને પણ પીડા થશે. મારા મિત્રોને પીડા ન થાય તે માટે મેં રસ્તામાં પડેલા એ પથ્થરો ઉપાડી લીધા.''

ગુરુજીએ પૂછ્યું, ''એ પથ્થરો ક્યાં છે ? જરા બતાવ.''

શિષ્યએ ખીસામાં હાથ નાંખીને પથ્થરો બહાર કાઢ્યા. પથ્થરો જોતા જ બધા આશ્ચર્યમાં પડી ગયા કારણકે એ પથ્થર નહીં પરંતુ હીરાઓ હતા. ગુરુએ પોતાના શિષ્યોને કહ્યું. ''આ જ તમારી પરીક્ષા હતી. એ હીરાઓ મેં જ ત્યાં મુકાવેલા હતા. બીજાને મદદ કરવાની ભાવનાવાળા મારા શિષ્યો માટે એ મારી ભેટ હતી.''

આપણે પણ જીવન રૂપી અંધારી અને અજાણી સુરંગમાંથી પસાર થઇ રહ્યા છીએ. આપણને પડતી પીડા બીજાને ન થાય એવા શુદ્ધભાવથી કરેલાં કાર્યો બીજા લોકોને ભલે પથ્થર ભેગા કરવા જેવા મૂર્ખામી ભર્યા લાગે પરંતુ ખરેખર એ હીરા ભેગા કરવા જેવાં કાર્યો છે.

**પ્રશ્નો :–**

(૧) ગુરુકુળમાં કેવા શિષ્યો અભ્યાસ કરતા ? તેમને ગુરુએ શો આદેશ કર્યો ? [4]

(૨) સુરંગ કેવી હતી ? વર્ણવો. [4]

(૩) છેલ્લે આવેલ શિષ્ય પર બાકીના શિષ્યો શા માટે હસ્યા? [4]

(૪) મોડા આવવા બદલ એ શિષ્યે શું કારણ આપ્યું ? [4]

(૫) અંતિમ પરીક્ષાનું પરિણામ શું આવ્યું ? એ દ્વારા આપણને શું બોધ મળે છે ? [4]

3. (a) Use the following phrases and idioms in sentences of your own to illustrate their meaning: (Any-**4**) :— [4]

નીચે આપેલ રૂઢિપ્રયોગો અને કહેવતોનો ઉપયોગ કરી સાર્થક વાક્ય બનાવો. (કોઈપણ **ચાર**):—

(૧) ચાનક ચડવી

(૨) ફાટી પડવું

(૩) છેલ્લો શ્વાસ લેવો

(૪) વાળ વાંકો ન થવો

(૫) મીટ માંડવી

(૬) માથું ધુણાવવું

(b) Give one word for the following (Any-**4**) :— [4]

નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો (કોઈપણ **ચાર**):—

(૧) મૃગશીર્ષ નક્ષત્ર

(૨) ધરાય નહીં તેવું

(૩) આકર્ષક અને સુંદર ભેટસોગાદ

(૪) કીમતી રેશમી વસ્ત્ર

(૫) જેનું મૂલ્ય આંકી ન શકાય તેવું

(૬) પથ્થર ઘડનારો કારીગર

(c) Give opposites of any **four** words:— [2]

નીચેના શબ્દનો વિરોધી અર્થ લખો (કોઈપણ **ચાર**) :—

(૧) શાંતિ (૨) ઉત્સાહી

(૩) પ્રત્યક્ષ (૪) નિરાભિમાની

(૫) પ્રશંસા (૬) ગરીબી

## SECTION B

### Literature – 50 Marks

*Answer **any four** questions from this section on at least **three** of the prescribed textbooks.*

આપેલા ચાર પાઠયપુસ્તકોમાંથી કોઈપણ ત્રણ પુસ્તકોના કુલ ચાર જવાબ લખો.

### ગદ્ય સંચય

### (GADYASANCHAY)

4. "એટલામાં ભૈયાના ઘરમાંથી એક આઠ-દસ વર્ષની છોકરી બહાર નીકળી વિનાયકરાવને જોઈને એકદમ પાછી અંદર ગઈ ને ભૈયાને કહ્યું : 'ભૈયા દાદા ! બહાર તો કોઈક બેઠું છે."

(૧) આઠ-દસ વર્ષની છોકરી કોણ હતી ? તે ભૈયાને ત્યાં શું શું કરતી ? [1½]

(૨) ભૈયાના ઘરનું આંગણું કેવું હતું ? [3]

(૩) વિનાયક રાવનો પરિચય આપી કહો તેનો રોજ સાંજનો નિત્યક્રમ શું હતો ? તે આજે ક્યા કારણે ભૈયાને મળવા આવ્યો હતો ? [3]

(૪) ભૈયો એટલે કોણ ? તે શું કામ કરતો ? તેને નોકરીમાંથી બરતરફ કેમ કરવામાં આવ્યો ? શું તેણે તે નોકરી છોડી ? તમારા જવાબને સમર્થન આપો. [5]

5. 'વાસ્તવમાં માતાનું ખરું સ્મારક નાના ભાઈના પસ્તાવામાં રહેલું છે' એ વાતને લેખકે કઈ રીતે મૂલવી છે તે વાર્તાને આધારે તમારા શબ્દોમાં રજૂ કરો. [12½]

6. 'અશ્વમેધ' માં લગ્નોત્સુક નાયિકાના લગ્ન ઉમેદવારને પૂછેલ પ્રશ્નો દ્વારા વ્યક્ત થતી તેની વિચારધારા વ્યક્ત કરો. સાથે નાયકની જીવન વિશેની ફિલસૂફી દર્શાવો. [12½]

### પદ્ય સંચય

### (PADHYASANCHAY)

7. "હા પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે.
પાપી તેમાં ડૂબકી દઈને પૂણ્યશાળી બને છે.

"નારી કદી ન નિંદીયે ; નારી રત્નની ખાણ ;
નારીથી નર નીપજ્યા, ધ્રુવ પ્રહ્લાદ સમાન."

(૧) પસ્તાવો એટલે શું ? સામાન્યપણે પસ્તાવો કોને થાય છે ? [1½]

(૨) નારી રત્નની ખાણ એટલે શું ? નારી ઉપર એક કહેવત લખો. [3]

(૩) પસ્તાવાથી પૂણ્યશાળી બની શકાય તે વાત એક ઉદાહરણ આપી સમજાવો. [3]

(૪) 'નારીથી નર નીપજ્યા' શબ્દો દ્વારા વ્યક્ત થતી નારીની મહાનતા અને તેનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઈએ તે સ્પષ્ટ કરો. [5]

૮. થોડું મળે છતાં 'ઘણું મળ્યું' એવી તૃપ્તિ અનુભવના કવિ પંખી, ગીત અને લહેરખી વિશે શી લાગણીઓ અનુભવે છે ? તે 'એટલામાં રાજી' કાવ્યને આધારે વર્ણવો. [12½]

૯. માતૃપ્રેમની મીઠાશને શેનાથી ચડિયાતી ગણવામાં આવી છે ? કવિ બોટાદકરે વર્ણવેલ 'જનની'ના અજોડ પ્રેમને દૃષ્ટાંતો સહિત તમારા શબ્દોમાં રજૂ કરો. [12½]

## 'આંધળી ગલી'

## (AANDHALI GALI)

10. 'એ ઓચિંતી હસી પડી, એનું હાસ્ય પણ ધાતુના રણકાર જેવું ધારદાર અને કર્કશ લાગતું હતું. માણસને એ સાંભળીને આરામ ન લાગે. પરેશ અણગમાથી એની સામે જોઈ રહ્યો.'

(૧) પરેશ કોને ત્યાં શા માટે આવ્યો હતો ? [1½]

(૨) પરેશને મુંબઈનું જીવન કેવું લાગતું હતું ? [3]

(૩) પરેશ ઘર જોવા જે સ્થાને પહોંચ્યો તે ઘર અને તેની આસપાસનું વાતાવરણ કેવું હતું ? [3]

(૪) પરેશ અને કુંદનબેનની પહેલી મુલાકાત કેવી હતી ? પરેશને કુંદનનું વ્યક્તિત્ત્વ કેવું લાગ્યું ? [5]

11. કઈ કઈ પૂછપરછ પછી કુંદનબેને પરેશને રૂમ ભાડે આપવાનું નક્કી કર્યું ? પરેશને સદ્‌ગત રતિભાઈ પર કઈ કઈ બાબતે ચીડ ચડી ? તમારા શબ્દોમાં લખો. [12½]

12. શુભાંગી અને પરેશના લગ્નજીવનનો દસકો કેવો હતો ? મુંબઈમાં શુભાંગીના આવ્યાબાદ પરેશ અને કુંદનબેનના વર્તનમાં કયો દેખીતો ફરક લેખિકાએ નોંધ્યો છે ને ઉદાહરણ આપી સમજાવો. [12½]

## ચિનુ મોદીના પ્રતિનિધિ એકાંકીઓ

## (CHINU MODI NA PRATINIDHI EKANKIO)

13. ''દ્રૌ. - પાંચપતિ પછી પણ સખાની આવશ્યકતા રહી એવી નારીના દુર્ભાગ્ય વિશે શું કહેવું છે, પાંડુપુત્ર ? તમે મત્સ્ય વેધ કર્યો અને મેં તમને વરમાળા પહેરાવી......... તમે કેવળ પાંડુપુત્ર જ છો. માતા કુંતાને મન અને પછી મારે મન.''

(૧) ઉપરની ઉક્તિ કોણ કોને માટે કહે છે ? સખાની આવશ્યકતા કોને જણાઈ હતી ? [1½]

(૨) અર્જુનનું મન દ્રૌપદીને મળી શા માટે ખિન્ન થઈ ગયું ? [3]

(૩) દ્રૌપદી સહદેવને 'દ્રૌપદી નામનો મત્સ્યવેધ બાકી છે' એવું ક્યારે અને શા માટે કહે છે ? [3]

(૪) ભીમ અને યુધિષ્ઠિર સાથે દ્રૌપદી પોતાનો રોષ કઈ રીતે વ્યક્ત કરે છે ? તે તમારા શબ્દોમાં વર્ણવો. [5]

14. 'ફોટોગ્રાફર' એકાંકીમાં વ્યક્ત થયેલ હસમુખ - સવિતાના કિશોરવયથી વાર્ધક્ય સુધીનો આખોય વિકાસ પલટો કઈ રીતે દૃશ્ય વૈવિધ્ય ઊભું કરે છે તે તબક્કાવાર સમજાવો. [12½]

15. નિલયની 'દ્વેષવૃત્તિ' પ્રકટ કરતી કોઈપણ બે ઘટનાઓનું આલેખન ''ખુલ્લાબારણાં'' નાટક ને આધારે કરો. [12½]

---